# દાંતીવાડા તાલુકાના ગોઢ ગામે સરકારી શાળા માટે માંગણી


## સરકારી શાળા ન હોવાથી ગરીબ વિદ્યાર્થીઓનું ભાવિ અંધારામાં : ગરીબ બાળકો ફી ભરવા લાચાર !

## જો શાળા સરકારી નહિ થાય તો અંદાજિત ૮ ગામના વિદ્યાર્થીઓનું ભાવિ અંધારામાં !

દાંતીવાડા તાલુકામાં ગોઢ ગામ આવેલું છે જયાં શારદા વિદ્યામંદિર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા જૂન ૨૦૦૧ થી કાર્યરદ છે તેમજ ઉચ્ચત્તર માધ્યમિક ની મંજૂરી જૂન ૨૦૧૧ ના રોજ સરકાર દ્વારા આપવામાં આવેલ છે તેમજ આ શાળામાં અંદાજિત ૮ ગામોના બાળકો અભ્યાશ માટે આવતા હોય છે જેમાં મોરથલ ગોલીયા , ચંદાજી ગોલીયા, ચત્રાલા, ભાડલી કોઠા, ઘાડા, ઘરજીપુરા તેમજ ગોઢ ગામના બાળકો આ શાળામાં અભ્યાશ અર્થે આવતા હોય છે અને આ બધા ગામડા દાંતીવાડા તાલુકાના આંતરિયાળ વિસ્તારમાં આવેલા છે તેમજ આ બધા ગામડાની ચારે તરફ નદીઓ આવેલી છે એક તરફ બનાસ નદી બીજી બાજુ સીપુ નદી અને એક તરફ મોટો હોળો આવેલો છે જેનાથી ચોમાસા દરમ્યાન આ ગામડાઓથી બહાર જવું હોય તો ખુબજ વિકટ બની જતું હોય છે અને આ શાળાની સાથે જૂન ૨૦૦૧ માં ઘણી શાળાઓને પણ સરકારે મંજૂરી આપેલ જેમાંની બધી શાળાઓ ૨૦૦૬ની અંદર સરકારી કરી દેવામાં આવેલ પરંતુ શારદા વિદ્યામંદિર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગોઢ શાળાને ખબર નહિ કયા ગ્રહો નડે છે કે આજરોજ ૨૦૧૬ સુધી પણ સરકારી કરવામાં આવેલ નથી બીજું કે સરકારના નિયમો પ્રમાણે અંદાજિત ૫ કિલોમીટર સુધી સરકારી શાળા ના હોવી જોઈએ તો આ શારદા વિદ્યામંદિર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગોઢથી અંદાજિત ૧૩ કિલોમીટર સુધી કોઈ સરકારી શાળા નથી આવેલી બીજું કે સરકારના ધારાધોરણ પ્રમાણે શાળાનું પોતાનું બિલ્ડીંગ, મોટું મેદાન, બેસવા માટે બેંચો, રમતગમતના સાધનો, સ્ટાફ, ઈલેક્ટ્રિક સુવિદ્યાઓ હોય તેમનેજ સરકારી શાળાની મંજૂરી આપવામાં આવે છે.

આ ૮ ગામડાના બાળકોને સારું શિક્ષણ ફીમાં મળી શકે અને તેમને દૂર પણ ના જવું પડે તેમજ આ શાળા સંસ્થા દ્વારા ચાલે છે માટે ઘણા ગરીબ પરિવારોના બાળકો પાસેથી ફી પણ નથી લઈ સકતા જેના કારણે શાળાના ખર્ચને હવે અમે ઉપાડી શકીયે તેમ નથી જો સરકાર શાળાને સરકારી કરવાની મંજૂરી આ વર્ષે નહિ આપે તો આવતા વર્ષે અમારે નાછૂટકે શાળા બંધ કરવી પડશે તેવી પરિસ્થિતિ છે માટે અમારી સરકારને નમ્ર વિનંતી છે કે અમારી શાળાને સરકારી કરી આપે અને આ ગરીબ દીકરા-દીકરીઓનું ભાવિ અંધારામાં જતા અટકાવે. બીજું કે આ શાળાનું ભુમીપુજન કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી ના હસ્તે ૩૧/૦૭/૨૦૦૭ ના કરવામાં આવેલ તેમજ આ બિલ્ડીંગ ગામના લોકોના લોકફાલે બનાવવામાં આવેલ છે.








### ધાનેરામાં રક્ષાબંધન પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

રક્ષાબંધન તહેવારે બહેન ભાઈને રાખડી બાંધી, કપાળે તિલક કરી શુભેચ્છાઓ પાઠવે છે. રાખડી એ ભાઈબહેનના નિર્મળ પ્રેમનું પ્રતીક છે. રાખડીના તંતુએ તંતુએ પ્રેમ છે, હૃદયની ઉર્મિઓ છે. બહેન ભાઈનું દીર્ઘાયુ ઈચ્છે છે. ભાઈનો સંસાર સુખ અને સમૃધ્ધ બને એ અભિલાષા પ્રગટ કરે છે. બહેન પોતાના ભાઈને આ પ્રસંગે જીવનધ્યેય સર કરવા આગ્રહ કરે છે. અલબત્ત, દરેક શુભ કર્મમાં પોતાની સહાયતા હોય જ એવાતની પણ ખાતરી આપી દે છે. પ્રાચીન કાળમાં કુંતી માતાએ ચક્રવ્યૂહમાં જીતાડવા માટે અભિમન્યુને અમર રાખડી બાંધી હતી. બલિરાજા પાસેથી વામન સ્વરૂપ ભગવાનને છોડાવવા સાક્ષાત લક્ષ્મીજીએ પણ બલિરાજાને રાખડી બાંધી હતી. વીરતાની ભૂમિ મેવાડની રાણી કર્મવતીએ પોતાના પર ઉતરી આવેલી આફત વખતે મદદ માગવા મુસલમાન રાજા હુમાયુને રાખડી મોકલી હતી. ઈતિહાસમાં વણાઈ ગયેલી એક કથા પ્રમાણે સિકંદર અને પોરસની લડાઈમાં સિકંદરની પત્નીએ, પોતાના સ્વામિના રક્ષણ માટે પોરસ ઉપર એક રાખડી મોકલાવી હતી. સદ્દભાવ, સ્નેહ અને હૃદયપૂર્વકના આશીર્વાદથી વણાયેલો આ તહેવાર એટલે જ રક્ષા બંધન. ગુઢાર્થનો ખજાનો ધરાવતા આ તહેવારો, સંસ્કૃતિનું પાલન સૌ કોઈ હૃદયપૂર્વક અને સમજણપૂર્વક કરે, એ જ વાતનું સૂચન કરે છે. આવો આ ભાવપૂર્ણ તહેવાર માત્ર વ્યવહાર કે રૂઢિચુસ્તતા ન બની જાય એ જ, ખાસ જોવું જોઈએ આ પર્વને ‘શ્રાવણી‘ પણ કહેવામાં આવે છે. શ્રવણ નક્ષત્રપ્રધાન આ માસનું નામ શ્રાવણ પડયું છે. ઋગ્વેદીઓ અને યજુર્વેદીઓ માટે યજ્ઞોપવિત ધારણ કરવાનો આ શુભ યોગ બન્યો છે તેથી તેને શ્રાવણી પણ કહે છે. તે દિવસે સમસ્ત દ્વિજબંધુઓ પોતાના વેદ, શાખા, પ્રવર, ગોત્ર પ્રમાણે ચારેય વેદોમાંથી મંત્રોનું ધ્યાન નિષ્ઠાપૂર્વક મનન અને પઠન કરી આચાર્યની ઉપસ્થિતિમાં યજ્ઞોપવિત ધારણ કરે છે. શ્રાવણી એટલે ધર્મશાસ્ત્રના નીતિ-નિયમોના ઉપદેશનું શ્રવણ કરવાનો દિવસ આજે ધાનેરા માં પણ ખુબજ ઉત્સાહ સાથે રક્ષાબંધન પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.



## ડીસામાં પાગલ વીજ થાંભલા પર ચડી જતા હંગામો

ડીસામાં આજે ચાવડી વાસ વિસ્તારમાં એક પાગલ યુવક વીજ થાંભલા પર ચડી જતા હંગામો માચી જવા પામ્યો હતો.જયારે આજુબાજુના લોકોએ આ બાબતે જાણ કરતા દક્ષિણ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી તેમ છતાં તે નીચે ના ઉતારતા ફાયર બ્રિગેડ અને યુ જી વી સી એલ ની ટીને બોલાવવી પડી હતી અને બે કલાક ની ભારે જહેમત બાદ યુવકને નીચે ઉતારાયો હતો.જો કે ત્યાં સુધી માટે ગુસ્સે ભરાયેલા લોકોએ યુવકને નીચે ઉતારતાની સાથેજ તેના કપડાં પણ ફાડી નાખી મેથી પાક ચખાડ્યો હતો અને બાદમાં પોલીસ ને સોંપી દેતા દક્ષિણ પોલીસે તેની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ભાજપ શાસિત પાલિકાના નઘરોળ વહીવટથી

# પાલનપુરના ગણેશપુરા જાહેર માર્ગની બિસ્માર હાલતથી પ્રજા પરેશાન



પાલનપુર, તા.૧૯

જિલ્લા મથક પાલનપુર શહેરમાં ભાજપ શાસિત પાલિકા ના સતાધીસો ની નિષ્ક્રિયતા ના લીધે શહેરીજનો માં નારાજગી વર્તાઈ રહી છે ચોમાસા માં પડેલા સામાન્ય વરસાદ માં ઠેર ઠેર સ્થળે મુખ્ય માર્ગો પાર ખાડા પડી જવાને લીધે રાહદારીઓ ને અવર જવર માં મુશ્કેલી વેઠવી પડે છે તો બીજી તરફ પાલનપુર શહેરના ગણેશપુરા ના મુખ્ય માર્ગ ની હાલત એટલી હદ સુધી ની ખરાબ છે કે વરસતા વરસાદ માં રાહદારીઓ ને માટી કાદવ માંથી પસાર થવું પડે છે તેમજ આસપાસ અનેક નામી શૈક્ષણિક સંસ્થા આવેલી હોવાથી મોટી સંખ્યા માં ગણેશપુરા માર્ગ પરથી બાળકો ને પસાર થવું પડે છે વળી વડગામ અને અંબાજી હાઈવે ને જોડતો માર્ગ છે જેથી અહીં દિવસભર વાહનો ની અવર જવર રહે છે ત્યારે લોકો પાસેથી વિકાસ ના નામે જનમત થી જીતીને બેઠેલા આ વિસ્તાર ના ચાર નગરસેવકો ની નિષ્ક્રિયતા ના લીધે લોકો ને હવે પસ્તાવો વારો આવ્યો છે વિકાસ એજ વિઝન ને સૂત્ર માનીને જનમત સુધી સફળતા હાંસલ કરનારબનાસકાંઠા ને ભાજપ સરકારે એક કેન્દ્રીય મંત્રી અને બે રાજ્ય કક્ષા ના મંત્રી દરજ્જો આપ્યો છે ત્યારે પાલિકા માં બેઠેલા સત્તધીશો એ પ્રજા માટે કેવા વિકાસ ની કામગીરી કરી છે તેના મૂલ્યાંકન માટે ગણેશપુરા રોડ પરથી પસાર થવું એટલા માટે જરૂરી છે કે આગામી વિધાનસભાની ચૂંટણીના પ્રચાર માટે ગણેશપુરા જવા માટે આ રોડ પરથી જ પસાર થવું પડશે .ગણેશપુરા ના મુખ્ય માર્ગ ની બિસ્માર હાલત ના મામલે સ્થાનિક લોકો એ અનેક વાર પાલિકામાં રજૂઆત કરવા છતા પણ ના શાસન કર્તાઓનું પેટ નું પાણી પણ હલતું નથી નવાઈ વાત એ છે કે આ વિસ્તાર માંથી ચુંટાયેલા ચાર નગર સેવકો દરરોજ પાલિકા જવા માટે ગણેશપુરા ના ડિસ્કો રોડ પર પસાર થવા માં જો શરમ પણ અનુભવતા ના હોય તો લોકો ની પ્રાથમિક સુખાકારી ની સુવિધા શું? આપવાના છે.

# ડીસાના વર્તમાન ધારાસભ્યના બીપીએલ કાર્ડ બાબતે હંગામો

ડીસા, તા.૧૯

ડીસાના ધારાસભ્ય બી પી એલ કાર્ડ ધરાવતા હોવાની વાત પ્રકાશ માં આવતા જ હંગામો મચી ગયો છે અને એક જાગૃત નાગરિક ની રજુઆત ના પગલે તંત્ર પણ દોડતું થયું છે. જોકે આ બી પી એલ કાર્ડ નામ આવતા એક જાગૃત નાગરિક કલ્યાણભાઈ દેસાઈ એ મામલતદાર સમક્ષ રજુઆત કરતા તંત્ર પણ ચોંકી ઉઠયુ હતું અને તાત્કાલિક બી પી એલ ની યાદીમાં ધારાસભ્યનું નામ કમી કરવા માટેની પ્રોસેસ શરુ કરી હતી.



ધારાવડા ગરીબ ધારાસભ્ય બાબતે તંત્ર મૌન સેવી રહ્યું છે.

ગરીબ અને મધ્યમ વર્ગ ના લોકો માટે સરકાર વર્ષે દહાડે લખો કરોડો રૂપિયાની સહાય અને યોજનાઓ બહાર પાડે છે આવીજ એક યોજના બી પી એલ કાર્ડ ધારકો માટે પણ છે સરકારે ગરીબી રેખા હેઠળ જીવતા લોકો માટે બિલોવ ટુ પોવર્ટિ લાઈન એટલેકે બી પી એલ કાર્ડ ની સુવિધા શરુ કરાઈ હતી જેમાં આ કાર્ડ ધારકોને સરકારી અનાજ ની સાથે સાથે અનેક લાભો પણ આપવામાં આવે છે પરંતુ આ લાભ મેળવતા ગરીબ અને મધ્યમ વર્ગ લોક૯ની યાદીમાં દુસ્કર્મ ના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ નું

આ બાબતે જાગૃત નાગરિક કલ્યાણ દેસાઈએ જણાવ્યું હતુ કે ગરીબ અને મધ્યમ વર્ગ બી પી એલ કાર્ડની યાદીમાં ડીસાના ધારાસભ્યનું નામ જોતાં જ મેં તાત્કાલિક પુરવઠા વિભાગને જાણ કરી હતી પરંતુ આ ધારાસભ્યની નૈતિક ફરજમાં પણ આવે છે એક તેમને તેમની જાતે જ આ બી પી એલની યાદીમાંથી નામ કાઢી નાખવા અરજી કરવી જોઈએ.

જયારે આ બાબતે મામલતદાર શિવરાજ ગિલવાએ જણાવ્યું હતું કે ડીસાના ધારાસભ્ય સહીત અનેક વેપારીઓ, સરકારી કર્મચારીઓના નામ બી પી એલ યાદીમાંથી કંઈ કરવા માટેની યાદી તૈયાર કરી ઉચ્ચ કક્ષાએ મોકલી આપી છે.

## અરવલ્લી જિલ્લા માટે સંકલન સમિતિની બેઠક યોજાઈ

મોડાસા, તા.૧૯

આજ રોજ કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી, અધિક નિવાસી કલેક્ટરશ્રી,જિલ્લા વિકાસ અધિકારીશ્રી,પ્રાંત અધિકારીશ્રી, ભિલોડા ધારાસભ્યશ્રી તેમજ અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ ઉપરાંત જિલ્લા અંગેની પેડીંગ અરજીઓનું નિકાલ કરવા જણાવ્યું હતું.જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની અરજીઓના નિકાલ કરવા તેમજ સરકારી જે લેણા બાકી હોય તેમજ જિલ્લા રજીસ્ટ્રની મંડળીઓના લેણાં બાબતની પણ ચર્ચા કરવામાં આવી હતી.જિલ્લા સમાજ સુરક્ષાની અરજીઓ, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના બાકી લેણા બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી . અનુસુચિત આર્થિક વિકાસ નિગમ દ્વારા ધિરાણ કરેલ લાભાર્થીને આપેલ સહાય અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી.વ્યવથા કરવી, આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયોની પણ વ્યવસ્થા કરવી .જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા માનવ કલ્યાણ યોજનાની સહાય આપવી.અરવલ્લી જિલ્લાના જિલ્લા માહિતી કચેરીના મહેકમ અંગે ધારાસભ્યશ્રી અનિલભાઈ જોષીયારાએ ખાલી જગ્યા અંગેની માહિતી માગી હતી.



### ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં ૭૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં ૭૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સન્માન સમારંભ,વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. એન. આર. એ. વિદ્યાલયમાં ૭૦માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે ભિલોડાના વતની, હાલ રહેવાસી મુંબઈના યોગીનીબેન દિનકરભાઈ ચૌહાણ, આઈ.સી.એલ.એસ. ડેપ્યુટી ઓફીસીયલ લીક્વીડેટર, હાઈકોર્ટ, મુંબઈનો વિશેષ સન્માન સમારંભનો કાર્યક્રમ યોજાયો હતો. આઈ.સી.એલ.એસ. ડેપ્યુટી ઓફીસીયલ લીક્વીડેટર, હાઈકોર્ટ, મુંબઈ, યોગીનીબેન દિનકરભાઈ ચૌહાણને જન સેવા સંઘ પ્રમુખ હર્ષદભાઈ ઉપાધ્યાય, મંત્રી ભુપેન્દ્રભાઈ ઉપાધ્યાય, વિપુલભાઈ જોષીએ શ્રી શામળીયા ભગવાનનો ફોટો,મોમેન્ટો આપી વિશેષ સન્માન કરાયું હતું.

# ખેડબ્રહ્મામાં અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો

ખેડબ્રહ્માના પરોયા જવાના રોડ પરથી શુક્રવાર સવારે એક અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળ્યો હતો. વાત શહેરમાં ફેલાતા લોકો જોવા ટોળે ચડ્યા હતા. ખેડબ્રહ્માથી પરોયા જવાના રસ્તા પરથી રોડની સાઈડમાં આવેલા વાંઘામાંથી એક પુરૂષનો મૃતદેહ મળ્યો હતો. જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્મા શહેરના હાથીભાઈ જે. પટેલ સવારે પોતાની હોટલ પર જવા નીકળેલ ત્યારે તેમને જાણવા મળેલ કે પરોયા રોડ પર વાંઘામાં મૃતદેહ પડ્યો છે, જે ત્યાં જઈ જોતા રોડની સાઈડના વાઘામાં કોઈ ૩૫ થી ૪૦ વર્ષના પુરૂષનો મૃતદેહ અર્ધનગ્ન હાલતમાં હતો અને તેના ગળામાં કપડુ બાંધી ગાંઠ મારેલ હાલતમાં હતો અને તેના નાકમાંથી લોહી નીકળતુ હોવાનું જણાતા હાથીભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરતાં પોલીસો ડોગ સ્કવોડ અને એફએસએલ ટીમની મદદ લઈ તપાસ હાથ ધરી અને અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.



## વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલયમાં ચિલ્ડ્રન કોર્નરનો શુભારંભ

ભિલોડા,તા.૧૯

વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલયમાં ચિલ્ડ્રન કોર્નરનો શુભારંભ અને ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાયમાં ચિલ્ડ્રન કોર્નરનું ઉદ્‌ઘાટન કૌશીકભાઈ શાહ ગ્રંથાલય નિયામક ગાંધીનગર, ડૉ.પંકજભાઈ ગૌસ્વામી મદદનીશ ગ્રંથાલય નિયામક ગાંધીનગરના વરદ્‌ હસ્તે શુભારંભ અને ઉદ્‌ઘાટન કરાયું હતું.

વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલય મદદનીશ ગ્રંથપાલ વિષ્ણુંભાઈ એચ.વ્યાસ, અગ્રણી આગેવાનો, ગ્રામજનો અને વિદ્યાર્થી બાળકો ઉપસ્થિત રહ્યા હતા. વિજયનગર સરકારી તાલુકા પુસ્તકાલયમાં કેન્દ્ર સરકાર હસ્તકની રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકત્તાની રૂા.૨,૦૦,૦૦૦/-ની આર્થિક સહાયથી વિદ્યાર્થી બાળકો માટે ચિલ્ડ્રન કોર્નર શુભારંભ કરાયો છે. ચિલ્ડ્રન કોર્નરમાં વિદ્યાર્થી બાળકોના શૈક્ષણિક, બૌદ્ધિક રમકડા, કોમ્પ્યુટર સેટ, બાળ સાહિત્યના પુસ્તકો, બાળકોના સાહિત્યના પુસ્તકો, ફર્નિચર ખરીદવામાં આવેલ છે. વિજયનગર તાલુકામાં આનંદની લાગણી પ્રસરી છે.